


"જોયું ને..?! કહ્યું તું તે કરીને બતાવ્યું..!! અમારી કથની અને કરની એક જ છે..!"

"શું ધાડ મારી..?! પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડ્યા એની વાત કરો છો ને..?!"

"...હા...હા... હા...! એની જ..! અમે કહ્યું તું કે ગુજરાતમાં પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડાશે અને ઘટાડીને બતાવ્યા..!! હવે કહો તમારાવાળા મુખ્યમંત્રીઓને..!! કે ભાવ ઘટાડીને બતાવે..!!"

"પારકાની પંચાતમાં જ તમારી ફાવટ છે..!!"

"તમે અત્યાર સુધી શું કરો છો..?! અમેઠીમાં જઈને તમારૂ હાઈકમાન્ડ ગરજી ગરજીને ભાષણ કરે છે..! રાહુલ બાબા... ત્રણ પેઢીનો હિસાબ આપો..!! અને અહીં તમને અમે કહીએ છીએ તે પંચાત પારકી લાગે છે..?!"

"આ જ તાસીર છે રાજકારણની..! રાહુલ ગાંધી ગુજરાતમાં આવી અમીત શાહને પડકારે..! અને અમિત શાહ અમેઠીમાં જઈ રાહુલને પડકારે..! કેવી હુતુતુતુની રમત જામી છે..?!"

"આ રમાતી રમત જ પગ પકડવાની અને પગ પકડીને પછાડવાની છે... અને પાછા સહિસલામત પોતાના ઘરમાં પાછા આવી જવાની..!!"

"અને એટલે જ કબ્બડી અને રાજકારણમાં સામ્યતા ખૂબ છે..!!"

"પણ સાહેબ..! સામ્યતા હોય કે વિષમતા... પણ નિયમો તો હોવા જ જોઈએ ને..?! એમ્પાયર અને ખેલાડીઓ જુદા હોવા જોઈજ ને..?!"

"કેમ..?! જુદા નથી..!?!"

સાહેબ જવાદો ને..!! અધિકારીઓ... સરકારી તંત્ર.... આ બધું તો તમારી ટીમમાં જ છે ને..?!"

"રહેવા દો..! આ તમારી ગાઈડો વાંચી વાંચીને જ અમે પરીક્ષા આપીએ છીએ..! હવે આવી ડાહી-ડાહી વાતો તમને શોભતી નથી..!!"

"તો તમને શોભે છે..?! જવાદો ને તમે શું શું કાળા-ધોળાં કર્યા છે તે અમને ય ખબર છે ને તમનેય ખબર છે..! ટુંકા ગાળામાં તો બધાએ રેકોર્ડ તોડી કાઢ્યો છે તમે..!! એક વરસમાં તમારા હાઈકમાન્ડના દિકરાની આવક સોળ હજાર ગણી વધી જાય..!! માન્યામાં આવે છે માન્યામાં..?! આ તો વિશ્વ વિક્રમ છે વિશ્વ વિક્રમ..!!"

"આ તો કપોળ કલ્પિત કથાઓ છે તમારી..! જુઓ માનહાનિનો કેસ ધડાક દઈને કરી ના દીધો..?! અને ચુકાદો આવશે એટલે દૂધનું દૂધ અને પાણીનું પાણી..!! પછી તમારી બોલતી બંધ થઈ જશે..!!"

"સાહેબ આ તો કહેવાય નહિ..! જરા તપાસ કરી લેજો..! કેસ લડવાનું છે કોણ..?! પછી કેજો... અમારે નામ પાડવાય નથી અને નામ બોલાવાય નથી..!! કોણ-કોનો-કેટલો દૂરપયોગ કરે છે અને કોણ કેટલો સદઉપયોગ કરે છે..?! પછી કથા કહેજો... હમણાં રહેવાદ્યો... બાંધી મુઠ્ઠી સવા લાખની...!!"

"આ જ આપણી ચિંતાનો વિષય છે..!! રાજકીય પક્ષો... પછી આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય... સત્તા ઉપર આવે છે ત્યારે રાજકીય લાભ માટે તંત્રનો દુરૂપયોગ કરે છે..! વહિવટીતંત્ર પણ તટસ્થ ભાવ રાખીને ફરજ બજાવે છે અને શાસક પક્ષ તંત્રનો વધુ પડતો દુરૂપયોગ ના કરે તો તંદુરસ્ત સ્પર્ધા થઈ શકે..!!"

- નિમિત્ત માત્ર



દિવાળીના દિવડા - પ્રકાશ પર્વ દિપાવલીના આગમનના આડે માત્ર ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે દિવડા બનાવવાની કામગીરી જોરશોરથી ચાલી રહી છે... શહેરની આસપાસના ગ્રામીણ વિસ્તારમાં માટીકામના કારીગરો ઉત્સાહપૂર્વક દિવડા બનાવી રહ્યા છે... શહેરની માંગને પહોંચી વળવા રાત-દિવસ મહેનત કરતો કારીગર પરિવાર પ્રસન્નતાથી શ્રમને છલકાવે છે... આ પ્રસન્નતા જ્યારે પ્રકાશમાં પરિવર્તિત થશે ત્યારે એનો અજવાસ આપણને સૌને દિવ્યતાની અનુભૂતિ કરાવશે....

# શહેરમાં પાણી ગટર લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા

**સેકટરોમાં જુના અને નવા સેકટરોમાં સમયાંતરે પાણીની બુમ ઉઠવા પામે છે : દાયકાઓ જુની ગટરોની ચેમ્બરોમાં પણ ગાબડા પડતા ગટરો ઉભરાવાની સમસ્યા વધુ જટીલ : સેકટરની વસતી અને જરૂરિયાત મુજબ લાઇન અપગ્રેડ કરવા માંગ**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં પાણી ગટર વ્યવસ્થા દાયકાઓના અંતે ખાડે ગઈ છે. સેકટરના વિકાસ અને વસતી મુજબ આ વ્યવસ્થા અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની પોકાર સાથે ગટર ચેમ્બરોમાં ગાબડા પડવાની સાથે ઘર આંગણે ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. પાણી વિતરણ વ્યવસ્થા તેમજ ગટર લાઈનની ક્ષમતા વધારવા તંત્ર કક્ષાએ પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. પરંતુ આ દિશામાં હજુ કોઈ નક્કર આયોજન થઈ શકયુ નથી.

શહેરમાં પાણી ગટર વ્યવસ્થા હાલ બદતર હાલતમાં છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી સેકટરોમાં સ્થિત પાણી ગટર લાઈનમાં કોઈ ખાસ ફેરફાર કરાયો નથી. જુની ગટર લાઈન હાલના સેકટરની વસતી મુજબ પર્યાપ્ત નથી. સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બનતી જાય છે. છાશવારે ગટરોનુ દુષિત પાણી રહીશોની સોસાયટીમાં ભરાતા અસહ્ય ગંદકી વચ્ચે વસાહતીઓ ગુંગળામણ અનુભવી રહયા છે. બીજીતરફ મેન પાવર અને મશીનરીના અભાવ વચ્ચે કાર્યરત તંત્ર પણ ગટરલાઈનની સમસ્યા ત્વરિત નિકાલ કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# સામાન્ય ચૂંટણીઓ ડિસેમ્બરમાં જ યોજાશે : જ્યોતિ

**ટેકનોલોજીનો ઉપયોગ કરી વધુ પારદર્શક ચૂંટણી પ્રક્રિયા બનાવવામાં આવશે : મતદારને બે કિ.મી.થી વધુ અંતર નહિ કાપવુ પડે; મતદાર જાગૃતિ અભિયાનમાં લોકબોલીનો પ્રયોગ આવકારદાયક છે : ૨૫મી ઓક્ટો. સુધી મતદાર નોંધણી માટેની ખાસ ઝુંબેશ ચાલુ રહેશે : જ્યોતિ**

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ડિસેમ્બર માસમાં જ યોજાશે અને તે માટેની તારીખો નિયત કરી તેની જાહેરાત કરવામાં




આવશે તેવો સ્પષ્ટ સંકેત મુખ્ય ચૂંટણી કમિશનર એ.કે. જ્યોતિએ આજે ભરચક પત્રકાર પરિષદમાં આપ્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે આ સામાન્ય ચૂંટણીને વધુ પારદર્શક બનાવવા માટે ઈન્ફર્મેશન ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવાનો પંચે નિર્ણય કર્યો છે. બિહાર અને અન્ય ચૂંટણીઓમાં આ અભિગમને સારો પ્રતિસાદ મળ્યો હતો. 'સમાધાન'' ''સુવિધા'' જેવી વિવિધ એપનો ઉપયોગ કરવામાં આવશે. જેમાં મતદાર, ઉમેદવાર, ચૂંટણી કર્મીઓ સહિત સૌને ફાયદો થશે અને પ્રક્રિયા સરળ બનશે.

વી.વી.પેટનો પ્રથમવાર ઉપયોગ થઈ રહ્યો છે અને તેના પ્રચાર પ્રસાર માટે લોક બોલીમાં સમજૂત કરવાનો તંત્રએ જે પ્રયાસ કર્યો છે તે સરાહનીય છે. મતદાર જાગૃતિ અભિયાન માટે વી.વી.પેટ નિદર્શન વાન સહિતના પ્રોજેક્ટ ખરેખર આવકારદાયક છે.

જ્યોતિએ જણાવ્યુ હતુ કે ગુજરાત પોલીસ ઉપરાંત કેન્દ્રીય સુરક્ષા બળોને પણ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ૧૮૨ વુમન બેઝ મતદાન મથક ઉભા કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમવાર ૧૮૨ વિધાનસભા મતદાર વિભાગમાં ૧૮૨ મતદાન મથકો વુમન બેઝ બનાવવામાં આવશે.

મુખ્ય ચૂંટણી કમિશનર એ.કે. જ્યોતિએ આજે પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. આ મતદાન મથકમાં સુરક્ષા કર્મીથી લઈ તમામ પોલિંગ સ્ટાફ મહિલા હશે.

દરેક વિધાનસભા મતદાર વિભાગમાં આવુ એક પોલિંગ સ્ટેશન રહેશે. કયુ પોલિંગ સ્ટેશન રહેશે તે અંગેનો નિર્ણય જે તે જિલ્લામાં ચૂંટણી અધિકારી દ્વારા લેવામાં આવશે.

## ૧૮૨ પોલિંગ સ્ટેશનના વી.વી.પેટના મતની ગણતરી કરવામાં આવશે : જ્યોતિ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીના ૫૦,૧૨૮ મતદાન મથકોમાં વી.વી. પેટનો ઉપયોગ કરાશે. દરેક વિધાનસભા મતદાર વિભાગના એક પોલિંગ સ્ટેશનમાં વી.વી. પેટના વૉટનું કાઉન્ટીંગ કરવાનો નિર્ણય પણ પંચે કર્યો છે તેમ મુખ્ય ચૂંટણી કમિશનર એ.કે. જ્યોતિએ આજે જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યું હતું કે ગોવામાં ૧૦૬૪ વી.વી.પેટનો ઉપીયોગ કરવામાં આવ્યો હતો અને તે પૈકી એક બેઠક પર ઉમેદવારે વી.વી. પેટના મતની ગણતરી કરવાનો આગ્રહ રાખતાં ચૂંટણી અધિકારીએ સંબંધિત સૌની રજુઆત સાંભળી તેની ગણતરી કરવાનો નિર્ણય કર્યો હતો.

પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે ઈ.વી.એમ. સાથે ચેંડા શક્ય હોવાની વાતો વાહિયાત છે અને પંચે તે માટે આપેલી ખુલ્લી ચેલેન્જને યાદ કરી જણાવ્યુ હતુ કે ૪૮ પક્ષોએ તેની ચકાસણી કરી હતી પરંતુ માત્ર રાજકીય કાદવ ઉછાળવા આવી વાતો વહેતી થઈ હતી.

તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ૧૮૨ પોલીંગ સ્ટેશનમાં વી.વી. પેટના મત ગણતરી લેવામાં આવશે. કયા પોલિંગ સ્ટેશનમાં મત ગણવા તે ચૂંટણી અધિકારીનો વિષય છે અને તેની સત્તા છે.

● અનુસંધાન પાન-૭ પર

## સ્થાનિક સ્વરાજની પેટાચૂંટણીઓમાં ભાજપનો વિજય

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા આજે ભાજપને મોટી રાહત મળી ગઈ હતી. પાર્ટીએ રાજ્યમાં સાત સ્થાનિક સ્વરાજની પેટા ચૂંટણીમાં પાંચમાં શાનદાર જીત હાસલ કરી લીધી છે. પાર્ટીએ એક તાલુકા પંચાયતમાં પણ સફળતા હાંસલ કરી છે. આ પહેલા આ આઠમાંથી માત્ર બે સીટો જ ભાજપ પાસે હતી. પેટાચૂંટણીમાં જ્યાં ભાજપને ત્રણ ગણો ફાયદો થયો છે. બીજી બાજુ વિધાનસભા ચૂંટણી પહેલા જોરદાર ચૂંટણી પ્રચાર કરી રહેલી કોંગ્રેસ પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. કોંગ્રસની સીટો પહેલા કરતા અડધી થઈ છે. ભાજપે બોરીઆવી (આણંદ), મહુધા (ખેડા), વિજાપુરા (મહેસાણા), પાટણ અને તલાલ (ગીરસોમનાથ) નગર નિગમોમાં શાનદાર જીત હાસલ કરી છે. મ્યુનિસિપલ પેટા ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે. પાર્ટીને રાંધેજા તાલુકામાં પણ સફળતા મળી છે. રાજકીય નિષ્ણાતો માની રહ્યા છે કે, નગરનિગમમાં મળેલી શાનદાર જીત ભાજપ માટે વિધાનસભાની ચૂંટણીમાં ઉપયોગી સાબિત થશે. ગુજરાતમાં રાજકીય માહોલ ગરમ છે. છેલ્લા ૧૫ દિવસમાં બીજી વખત ગુજરાતમાં રાહુલ ગાંધી આક્રમક પ્રચાર કરી રહ્યા છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાલમાં જ રાજ્યના પ્રવાસમાં આવ્યા હતા અને કરોડોની યોજનાઓના શિલાન્યાસ કર્યા હતા. રાહુલ ગાંધી ગુજરાત વિજય માટે સોફ્ટ હિન્દુત્વનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. બીજી બાજુ મુંબઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ મહારાષ્ટ્રમાં હાલમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મજબૂત જીત બાદ ભાજપે સારા સમાચાર મેળવી લીધા છે. અહીં સ્થાનિક ચૂંટણીમાં જીત મેળવી છે. ભાજપે સાત પૈકી પાંચ સીટો જીતી લીધી છે.

# આજે આર.ટી.ઓ. કચેરી ખાતે ૧૬ નવા અધિકારીઓને નિમણુંક અપાશે

**રાજયમાં ૭૫ પૈકી ૯ જગ્યાઓ જ ભરાયેલી : ગાંધીનગર એ આર ટી ઓની જગ્યા પણ ચાર વર્ષથી ચાર્જમાં : કાયમી નિમણુંક અપાય તેવી સંભાવના**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં ગ માર્ગ પર સ્થિત રાજયની પ્રથમ મોડેલ આર ટી ઓ કચેરીમાં છેલ્લા ચાર વર્ષથી એ આર ટી ઓ ની જગ્યા ચાર્જમાં છે. ત્યારે કાયમી નિમણુંકના અભાવે વહીવટી કામગીરી પર વિપરિત અસર થતી હોવાનો સુર અને ફરિયાદો પણ ઉઠવા પામતી હોય છે. આવા સંજોગોમાં રાજયમાં મોટાભાગની આર ટી ઓ કચેરીમાં એ આર ટી ઓ ની જગ્યા ખાલી છે. ત્યારે આજે વાહન વ્યવ્હાર મંત્રીના હસ્તે ૧૬ નવા એ આર ટી ઓને નિમણુંક પત્ર અપાશે.જેના અંતે ગાંધીનગર આર ટી ઓ ની જગ્યા પણ કાયમી રીતે નિમણુંક અપાય તેવી પણ સંભાવના છે.

ગાંધીનગરમાં પેપરલેસ આર ટી ઓ કચેરી અસ્તિત્વમાં આવ્યા બાદ અરજદારોનો સમય ન બગડે તે મુજબ સઘળી હાઈટેક વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનો દાવો કરવામાં આવી રહયો છે. જો કે ટેકનિકલ ખામી માટે ગાંધીનગર આર ટી ઓ કચેરી અવારનવાર જન આક્રોશનો ભોગ બની છે. અત્યાર સુધી ઘણીવાર સર્વર ડાઉન હોવાની સાથે અન્ય ટેકનિકલ ખામીના લીધે

● અનુસંધાન પાન-૭ પર


ગરવી ગુર્જરી




પટોળા સાડી | બાંધણી સાડી | ભરતકામ શાલ | રોગન પેઈન્ટિંગ | અજરખ બેડશીટ | ડેસ મટીરીયલ | એમ્બ્રોયડરી ટોપ | બેગ | કુશન કવર | જેકેટ | સ્ટોલ્સ | વોલ હેંન્ગીગ | દુપટ્ટા | ફાઈલ ફોલ્ડર | વરલી પ્રિન્ટીંગ અને વધુ..

estoregurjari garvigurjari6986 gurjarimail2014 Garvi Gurjari Garvi Gurjari

શોરૂમ

અમદાવાદ: પંચવટી, વ્હાઈટ હાઉસ સામે | આંબાવાડી | એરપોર્ટ | અમદાવાદ હાટ |
ગાંધીનગર: સેકટર–૧૬ | કુડાસણ

ઓનલાઈન ખરીદી માટે: www.garvigurjari.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com